| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૪/૧૨/૨૦૨૨ | | |
| રજિસ્ટર તારીખ | ૧૪/૧૨/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૧૯/૧૨/૨૦૨૨ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૦૬** |

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.અમદાવાદ, મિરઝાપુર.**

**ક્રિમિ.પર.અરજી નં.૩૯૨૯/૨૦૨૨**
**આંક : ૦૮**

**અરજદાર :** **કરણસિંહ ઉર્ફે કિરુભા સ/ઓ રામભા વાઘેલા**
ઉં.વ.૨૮, ધંધો-ખેતી, રહે.ડુગ્રાસણ, દરબારવાસ, મહાદેવજી મંદિર પાસે, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા (હાલ સેન્ટ્રલ જેલ, સાબરમતી)

**વિરૂદ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર**

**<u>બાબત :- ક્રી.પ્રો.કોડની કલમ-૪૩૯ મુજબ રેગ્યૂલર જામીન અરજી.</u>**

**અરજદાર/આરોપી તરફે : વિ.વકીલ શ્રી વી. કે. આનંદજીવાળા**
**સામાવાળા તરફે : વિ.ડી.જી.પી. શ્રી પી. એમ. ત્રિવેદી**

**<u>- : : ચુ કા દો : : -</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીએ સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુના રજી. નં.૧૧૧૯૧૦૪૮૨૨૦૯૮૫/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ-૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામની ફરીયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે ઉપર બતાવેલ તા.ટા. અને જગ્યાએ આરોપીઓએ ફરીયાદી તથા ફરિયાદીના કાકા કિર્તીભાઈ પટેલનાઓના નામના ખોટા પાનકાર્ડ તથા આધારકાર્ડ બનાવી તે આધારે બહુચરાજી ખાતેના એકિસસ બેન્ક અને સર્વોદય કોમર્સિયલ કો. ઓ. બેન્કમાં ફરિયાદીના નામના ખોટા ખાતા ખોલાવી તેમાં ખોટા વ્યવહારો કરી ફરિયાદીના માલિકીના કબજા ભોગવટા વાળી જમીન મોજે આંબલી ખાતેના પ્લોટના સીમ ખાતા નંબર.૩૩૨, સર્વે નં.૧૭૩, ની જગ્યા ૩૧૩૬ ચો.મી. જુનો શરતની આંબલી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૨૧૫ માં સમાવેશ થતા ફરિયાદીને ફા.પ્લોટ નં.૨૨ માં ૨૧૯૫ ચો.મી. જગ્યા મ્યુ. કોર્પો. નાઓએ ફાળવવામાં આવેલ છે. તે જમીન વિષ્ણુભાઈ દાણીનાઓને વેચાણ આપવા સારું સુભાષબ્રીજ સબ રજીસ્ટારશ્રીની કચેરી ખાતે દસ્તાવેજ કરવા આવતા ફરિયાદીને જાણ થતાં આરોપી નં.૧ થી ૩ નાઓ પકડાઈ ગયેલ અને નં.૪ થી ૭ ભાગી ગયેલ નાઓએ ફરીશ્રી સાથે છેતરપીંડી કરેલ હોય ગુનો કર્યા વિ. મતલબની ફરિયાદ પો. ઈન્સ્પેકટર નોકરી સરખેજ પો.સ્ટે.અમદાવાદ શહેર રૂબરૂની ફરિયાદીની આરોપી વિરુધ્ધની ફરિયાદ હકીકત લખાઈ આવતા ગુનો દાખલ કરી સી.આર.પી.સી. કલમ-૧૫૭ નો જાહેર રીપોર્ટ કરી હાલમાં કોરોના મહામારી અનુસંધાને સદરી પકડાયેલ ત્રણેય ઈસમોને સદર ગુનામાં અટક કરતા પહેલાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ગાઈડલાઈન મુજબ કોરોના ટેસ્ટ કરાવવો જરૂરી હોય પકડાયેલ ઈસમોનું કોરોના ટેસ્ટ કરાવવાનો બાકી હોય સદરી ઈસમોને કવોરન્ટાઈન રાખી લઈ આગળની વધુ તપાસ અર્થે કાગળો

પો.સબ.ઈ. ડી.પી. સોલંકીનાઓ તરફ કરેલ છે. આમ, ગુનો કરેલ હોવાની ફરીયાદ હકીકત છે.

(૩) અરજદાર તરફે વિ.વકીલશ્રી વી. કે. આનંદજીવાળાની મુખ્યત્વે રજૂઆત છે કે, સદર કામે અરજદાર/આરોપી નં.૩ અમન દિક્ષિત અને અરજદાર/આરોપી નં.૨ ઈશ્વર ગોવિંદભાઈ પટેલ બંને જામીન ઉપર મુકત છે. આ કામે કુલ ચાર આરોપીઓને અટક કરેલ છે જેમાંથી બે આરોપીઓ જામીન ઉપર મુકત છે અને હાલના અરજદાર/આરોપી નં.૪ કરણસિંહ વાઘેલા છે. એફ.આઈ.આર.માં નામ નથી. સાહેદ વસંતભાઈના નિવેદન મુજબ વાદગ્રસ્ત જમીન બતાવ્યાનો અરજદાર વિરુધ્ધ રોલ છે. રજીસ્ટ્રારની ઓફિસે ગયેલ છે. ખોટી ઓળખ આપવાનો આક્ષેપ હાલના અરજદાર વિરુધ્ધ નથી. માત્ર સ્થળ ઉપર હાજર હોવાનો રોલ છે. કોઈ લાભ લીધેલ નથી. સાહેદ વિષ્ણુભાઈના નિવેદન મુજબ હાજર રહેતા નથી તેવો રોલ આપે છે. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુન્હો છે.

(૪) સરકાર શ્રી તરફે વિ.એ.પી.શ્રી પી. એમ.ત્રિવેદીની મુખ્યત્વે રજૂઆત છે કે, સદર કામે અરજદાર/આરોપી હાજર છે સ્થળ પર પરંતુ બાદમાં ભાગી ગયા છે. સાહેદ વિષ્ણુભાઈ અને ફરિયાદીને ખોટા ખાતા મોકલ્યાં. તેમાં ઓળખવામાં અરજદારની સહી છે. કોલ ડીટેલમાં લોકેશન સ્થળ ઉપરનું આવે છે. અરજદાર/આરોપી વિરુધ્ધના ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ જામીન અરજી ના–મંજૂર કરવા જણાવેલું છે.

(૫) આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ **આંક–૬** થી સોગંદનામુ રજૂ રાખેલું છે. જેમાં તેઓએ મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ પોતાના આર્થિક લાભ સારું પોતાનું ખોટું નામ ધારણ કરી ખોટા આધારકાર્ડ, પાનકાર્ડ તથા ચુંટણીકાર્ડ આધારે બેંકમાં એકાઉન્ટો ખોલાવી ફરિયાદી તથા ફરિયાદીના કાકાની જમીન સહ આરોપીઓ સાથે ભેગા મળી ગુનાહિત કાવતરૂં રચી સાહેદ વિષ્ણુભાઈ નાઓને જમીન ખોટા નામેથી વેચાણ કરવા જતા સબ રજીસ્ટારની કચેરી સુભાષબ્રીજ,

અમદાવાદ ખાતે પકડાઈ ગયેલ છે. વધુમાં અરજદાર/આરોપીને જામીન આપવામાં આવે તો તેઓને કાયદાનો કોઈ ડર ન રહે અને ફરીથી આવા પ્રકારના બીજા ગંભીર પ્રકારના ગુનાઓ કરે તેવી શકયતા છે. વધુમાં અરજદાર/આરોપીની હાજરી સબ રજીસ્ટ્રારની કચેરી ખાતે પ્રસ્થાપિત થયેલ હોય જામીન અરજી ના-મંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**(૬)** ઉપરોકત દલીલો તેમજ તપાસના કાગળો ઘ્યાને લેતાં, ગુનાના કામે તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ રજૂ થઈ ગયેલ છે. હાલના અરજદાર/આરોપીની ઉંમર અને આક્ષેપિત ગુનાની સજા અને પ્રકાર ઘ્યાને લેતાં કાયદાથી મળતો વિવેકાધીન અધિકાર વાપરવો ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>:: હુકમ ::</u>**

**(૧)** અરજદાર/આરોપીની જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી **ક**રણસિંહ ઉર્ફે કિરુભા સ/ઓ રામભા વાઘેલા, રહે. ડુગ્રાસણ, દરબારવાસ, મહાદેવજી મંદિર પાસે, તા.કાંકરેજ, જી.બનાસકાંઠાનાઓને સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુના રજી. નં.૧૧૧૯૧૦૪૮૨૨૦૯૮૫/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ-૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સઘ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: શરતો ::</u>**

૧. અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસની કાર્યવાહી પૂર્ણ થતા સુધી દર મુદતે નિયમીત હાજર રહેવું.

૨. અરજદાર/આરોપીએ કોઈપણ સાહેદોને કોઈપણ જાતના લોભ, લાલચ

કે પ્રલોભનો આપવાના કે ફોડવાના પ્રયત્નો કરવા નહીં.

૩. અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહીં.

૪. અરજદાર/આરોપીએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો એફીડેવીટથી જાહેર કરવું.

૫. અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટને પોતાનું કાયમી સરનામુ તથા મોબાઈલ નંબર પૂરા પાડવા તેમજ ટ્રાયલ પૂરો ન થાય ત્યાંસુધી તેમાં કોઈ ફેરફાર કરવો નહીં.

૬. અરજદાર/આરોપી ધ્વારા ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ થશે તો જામીન આપોઆપ રદ ગણાશે.

અરજદાર / આરોપીએ જામીન સંબંધિત અદાલતમાં રજુ કરવા.

હુકમની જાણ સંબંધિત પો.સ્ટે.ને કરવી.

હુકમ આજરોજ તા.૧૯ મી માહે ડિસેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૯/૧૨/૨૦૨૨

અમદાવાદ.

**(મનીષ પ્રદ્યુમન પુરોહિત)**
**કોડ નં. GJ-00604**
એડીશનલ સેશન્સ જજ,
અમદાવાદ(ગ્રામ્ય),મિરઝાપુર.

એસ. પી. રાજપુત(પી. એ.)

District & Sessions Court Ahmedabad Rural
सत्यमेव जयते